ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર
"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨
8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

# અખબાર યાદી

Date: 11th April, 2026

ભાવનગર આકાશ નિરીક્ષણમાં રસ ધરાવતા નાગરિકો માટે અગામી આઠ દિવસ - એક અનોખો અવસર.

## International Space Station - ISS અને Tiangong Space Station

## અગામી આઠ દિવસ ભાવનગરના નભનું મહેમાન

એક સાથે બંને સ્પેસ સ્ટેશન જોવા મળવું તે RAREST OF THE RAREST ઘટના નિહાળવાની મુલ્યવાન તક

આ નયન રમ્ય નજરો આપ આપના ઘેર અગાશી પરથી નરી આંખે નિહાળી શકશો

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. **જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.**

ભાવનગર આકાશ નિરીક્ષણમાં રસ ધરાવતા નાગરિકો માટે અગામી આઠ દિવસ - એક અનોખો અવસર. જે અંગે વધુ વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના જીલ્લા કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા જણાવતા, 11 થી 18 એપ્રિલ 2026 દરમિયાન ભાવનગર શહેરમાંથી **International Space Station (ISS)** તથા **Tiangong Space Station** સ્પષ્ટ નારી આખે રીતે નિહાળી શકાશે. આ સમયગાળા દરમિયાન ISS સાંજના સમયે પશ્ચિમથી પૂર્વ અથવા ઉત્તર-પૂર્વ દિશામાં તેજસ્વી પ્રકાશ તરીકે 4 થી 6 મિનિટ માટે દેખાશે. આકાશ તરફ ધ્યાન રાખતા આકાશમાં સૌથી તેજ ગતિ થી ચાલતો પદાર્થ તરીકે દેખાશે. બીજી તરફ, Tiangong Space Station સવાર અથવા સાંજના સમયે થોડું આછું (જાખું) તેજ ધરાવતું દેખાશે.

International Space Station (ISS) – NSA પૃથ્વીથી અંદાજે **400 કિમી ઊંચાઈએ પરિક્રમા કરે છે.** પ્રતિ સેકન્ડ લગભગ **7.66 કિમી** ઝડપે ગતિ કરે છે. એક દિવસમાં લગભગ 16 વખત **પૃથ્વીનો ચક્કર** લગાવે છે. આકાશમાં **સૌથી તેજ ગતિ કરતો માનવસર્જિત પદાર્થ** તરીકે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં એક સમયે /સાથે **6–7 વૈજ્ઞાનિકો/અંતરિક્ષયાત્રીઓ** રહી શકે. તે જ રીતે Tiangong Space Station જે ચીન દ્વારા અવકાશમાં પ્રેક્શેપિત કરવામાં આવ્યું છે. જે પૃથ્વીથી અંદાજે **340–450 કિમી ઊંચાઈએ પરિક્રમા કરે છે.** સામાન્ય રીતે આ સ્પેશ ટેશનમાં **3 અંતરિક્ષયાત્રીઓની** મર્યાદા છે. આ બંને અવકાશ મથકો પૃથી વાસીઓ માટે બ્રહ્માંડ ના આગળની સફર માટે ખુબ જ ઉપયોગી સાબિત થઇ રહ્યા છે. આગામી સમયમાં ભારત પણ પોતાનું સ્પેસ ટેશન વિકસાવવા તરફ આગળ વધી રહ્યું છે.

| તારીખ | સ્ટેશન | સમય | દિશા (Start → End) | ઊંચાઈ (Angle) | તેજસ્વીતા |
|---|---|---|---|---|---|
| 11 Apr | ISS | 6:55 PM | W → E | 65° | ખૂબ તેજ |
| 11 Apr | Tiangong | 5:40 AM | SW → NE | 40° | ઓછું તેજ |
| 12 Apr | ISS | 7:40 PM | SW → NE | 70° | ખૂબ તેજ |
| 12 Apr | Tiangong | 6:20 PM | W → E | 45° | મધ્યમ |
| 13 Apr | ISS | 6:10 AM | W → SE | 50° | મધ્યમ |
| 13 Apr | Tiangong | 5:10 AM | SW → NE | 50° | મધ્યમ |
| 14 Apr | ISS | 7:00 PM | W → NE | 75° | ખૂબ તેજ |
| 14 Apr | Tiangong | 6:55 PM | W → NE | 55° | તેજ |
| 15 Apr | ISS | 7:45 PM | SW → E | 60° | તેજ |
| 15 Apr | Tiangong | 5:35 AM | SW → E | 35° | ઓછું તેજ |
| 16 Apr | ISS | 6:20 AM | W → SE | 45° | મધ્યમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **16 Apr** | **Tiangong** | **7:10 PM** | **W → NE** | **60°** | તેજ |
| **17 Apr** | **ISS** | **7:05 PM** | **W → NE** | **80°** | ખૂબ તેજ |
| **17 Apr** | **Tiangong** | **5:00 AM** | **SW → NE** | **45°** | મધ્યમ |
| **18 Apr** | **ISS** | **7:50 PM** | **SW → E** | **55°** | તેજ |
| **18 Apr** | **Tiangong** | **7:20 PM** | **W → E** | **50°** | મધ્યમ |

આ બંને સ્પેસ ટેશનો ખુલ્લી જગ્યા અને ઓછા પ્રકાશ પ્રદૂષણવાળી જગ્યા પરથી નારી આખે નિહાળી શકાશે. નિરીક્ષણ માટે કોઈ ખાસ સાધનની જરૂર નથી, ખાલી આંખથી સરળતાથી નિહાળી શકાય છે.

વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ વધારવા અને અવકાશ વિજ્ઞાનમાં રસ વિકસાવવા માટે લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર તમામ નાગરિકોને આ અનોખા દ્રશ્યનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવે છે. સાથે સાથે આપે નિહાળેલ નજરનો વિડીયો બનાવી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ના સોસીયલ મીડિયા @krcscbhavnagar સાથે શેર કરવા અનુરોધ કરી રહ્યા છીએ.

---

પ્રતિ,
તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,
ઉપરોક્ત માહિતીને આપના સુપ્રસિધ પ્રેસ મીડિયા / ઇલેક્ટ્રોનિક મીડિયામાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા નમ્ર અરજ સહ...
આપોનો જ,

Verified Digital Signature
11-04-2026 12:29

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર KRCSC ભાવનગર

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.